"Driving Salamat To Jivan Salamat"

# અખિલ ગુજરાત ટ્રક ટ્રાન્સપોર્ટ એસોસીએશન

# Akhil Gujarat Truck Transport Association

૭૫, સહજાનંદ શોપીંગ સેન્ટર, સ્વામીનારાયણ મંદિર સામે,
શાહીબાગ રોડ, અમદાવાદ-૩૮૦ ૦૦૪.
TELEFAX : (079) 25621447
E-mail : agtta.gujarat@yahoo.com, Web : www.agtta.co.in

75, Sahajanand Shopping Centre, Opp. Swaminarayan Temple,
Shahibaug Road, Ahmedabad-380 004.
TELEFAX : (079) 25621447
E-mail : agtta.gujarat@yahoo.com, Web : www.agtta.co.in

President :
SHRI VASANBHAI G. AHIR
(Gandhinagar)
(O) 079-23250205 (O) 079-23250206-09
(F) 079-23250285 (M) 99250 25148

Executive President :
SHRI MUKESHBHAI C. DAVE
(Ahmedabad)
(O) 02718-261516
(M) 98240 39477

Hon. Secretary :
SHRI HASMUKHBHAI N. BHAGDEV
(Rajkot)
(O) 0281-2460837 (O) 0281-2482185
(F) 0281-2482186 (M) 93773 56801

રેફ.નં. : એ.જી.ટી.ટી.એ./૨૦૨૦-૨૧/૧૫-૧ તા.૨૨-૦૮-૨૦૨૦

**ખાસ જરૂરી**

પ્રતિશ્રી,
**માન.શ્રી જે. પી. ગુપ્તા સાહેબ (આઈએએસ)**
ચીફ કમિશ્નરશ્રી સ્ટેટ ટેક્ષ
અમદાવાદ.

**<u>વિષય : વાહનમાં વહન થતાં માલના ઈન્વોઈસ અંગે</u>**

માનનીયશ્રી,

સદર પ્રશ્ન અંગે રૂબરૂમાં રજુઆત કરવા માટે મુલાકાત આપવા બદલ આપશ્રીનો ખુબ આભાર.

તાજેતરમાં રાજયના જુદા જુદા ભાગમાંથી અમારા ઘણા સભ્યશ્રીઓ દ્વારા ફરીયાદ મળી છે કે વાહનમાં વહન થતા માલના ફોટો કોપી ઈન્વોઈસને માન્ય ન ગણી ઓરીજીનલ ઈન્વોઈસ અંગે આગ્રહ રાખી દંડનીય કાર્યવાહી કરવામાં આવે છે. જે ગેરવ્યાજબી છે, કારણ કે વહન કરતા માલ સાથે ઈન્વોઈસની ફોટો કોપી તેમજ ઈ-વેબીલની કોપી પણ સામેલ હોય જ છે જેમાં વેપારી દ્વારા વહન થતાં માલની સંપૂર્ણ વિગતો અપલોડ કરેલ હોય છે જેથી કોઈ બાબત છુપાવવાની રહેતી નથી અને ઈન્વોઈસ તેમજ ઈ-વેબીલની સુસંગતતા રહે છે. તે ઉપરાંત સીસ્ટમ અનુસાર કોઈપણ ઈન્વોઈસ નંબરનું ફક્ત એક જ વાર ઈ-વેબીલ જનરેટ થઈ શકે છે.

વધુમાં જણાવવાનું કે કંપનીની ફેકટરી/ડેપો/ગોડાઉન અને એડમીનીસ્ટ્રેટીવ કે સેલ્સ ઓફિસ જુદા સ્થળે હોઈ જે-તે ગાડી માલ ભરવા માટે ફેકટરી/ડેપો/ગોડાઉન ઉપર જાય છે અને ત્યારબાદ તેમાં ભરાયેલ માલનું બીલ ઓફિસમાં બનાવી ઈ-મેલ દ્વારા જે-તે સ્થળે મોકલતા તેનું ઈ-વેબીલ અને ઈ-મેલ દ્વારા મેળવેલ માલનું બીલ ગાડીવાળાને આપવામાં આવે છે. જે કયારેક સહી કરેલ બીલની સ્કેન કોપી હોય છે કે ઈ-મેલ દ્વારા મોકલાવેલ કોમ્પ્યુટર જનરેટ બીલ હોઈ તેમાં ઘણીવાર ઓરીજીનલ સહી હોતી નથી કે પછી પ્રી-પ્રીન્ટેડ સ્ટેશનરીમાં સહી કરેલા ફોર્મેટમાં પ્રીન્ટ કરવામાં આવે છે. જે આજના ડીઝીટલ યુગમાં બહું જ સામાન્ય પ્રથાથી વ્યવહારીક રીતે ચાલે છે.

ઉપરોક્ત બાબતો ધ્યાનમાં લઈ આવા બીલની સુસંગત બાબતો જે ઈ-વેબીલમાં ગાડી નંબર સાથે દર્શાવેલ હોય અને તેવા બીલને માન્ય રાખી વાહનચાલક ઉપર કોઈ દંડકીય કાર્યવાહી ન થાય તે અંગેની અમારી રજુઆતને માન્ય રાખવા વિનંતી.

આભાર સહ,

આપના વિશ્વાસુ,

મુકેશભાઈ સી. દવે
(કાર્યકારી પ્રમુખ)

હસુભાઈ એન. ભગદે
(માનદમંત્રી)